# રાજ્યકક્ષાના 47માં વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન-2019 માં

# કિસાન માધ્યમિક વિદ્યાલયનું ગૌરવ વધારતા બાળવૈજ્ઞાનિકો

રાજ્યકક્ષાનું 47મું ડૉ.વિક્રમ સારાભાઈ વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન માનનિય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં પાલીતાણા જી.ભાવનગર મુકામે યોજાઈ ગયું.

કિસાન માધ્યમિક વિદ્યાલયની વિભાગ-2 અને વિભાગ-5 ની કૃતિ તાલુકા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી રાજ્યકક્ષાએ રજૂ કરવામાં આવી હતી. વિભાગ-૨ ની કૃતિ “Natural Mosquito repellent” જેના માર્ગદર્શક શ્રી પી એમ પ્રજાપતિ તેમજ કૃતિ બનાવનાર વિદ્યાર્થીનીઓ જોષી ભાર્વી હેમંતભાઈ તથા પટેલ દેવાંશી વિનોદભાઈ હતા જ્યારે વિભાગ-5 મા “તરતો પુલ” જેના માર્ગદર્શક શ્રી એચ આર પંચાલ અને કૃતિ બનાવનાર વિદ્યાર્થીનીઓ પ્રજાપતિ ભૂમિ રમણભાઈ અને પટેલ અર્ચી જગદીશભાઇ હતા . રાજ્યકક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન-2019 માંઆ બંને કૃતિ આકર્ષણ નું કેન્દ્ર હતી.

ઓ.કે.સી સંકુલના પ્રમુખ શ્રી મૌલિકભાઈ કે.પટેલ , કિસાન માધ્યમિક વિદ્યાલયના આચાર્ય શ્રી એચ વાય પટેલ , શાળા વિજ્ઞાન મંડળના કન્વીનર શ્રી નિરવભાઈ જી ત્રિવેદી તેમજ  ઓ..કે.સી સંકુલ પરિવારે આ તમામ વિજેતા વિદ્યાર્થીઓ તેમજ તેમના માર્ગદર્શક શિક્ષકશ્રીઓને શાળાનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને અને રાજ્ય કક્ષાએ પણ ઉત્કૃષ્ટ દેખાવ કરી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામે તે માટે શુભેચ્છા પાઠવી હતી.




